॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૧ જાન્યુઆરી ૨૦૨૬ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

## શ્રેણી – ક્રેશ કોર્ષ (૫ મી, ૬ ઠ્ઠી)

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER YES/NO | |
| SANGH NAME | | SUPARVISOR SIGN | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(30)

**પ્ર.૧ સામાયિક–પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના પાઠની પૂર્તિ કરો. (૧૦)**

૧. તિણ્હં **ગુત્તીણં ચઉણ્હં કસાયાણં પંચણ્હ મણુવ્વયાણં તિણ્હં** ગુણવ્વયાણં

૨. ઉવટ્ટણ વિહિં **મજ્જણ વિહિં વત્થ વિહિં વિલેવણ વિહિં પુપ્ફ વિહિં** આભરણ

૩. એમ અઢારે **પાપસ્થાનક પચ્ચક્ખીને સવ્વં અસણં પાણં ખાઈમં સાઈમં ચઉવ્વિહં પિ આહારં** પચ્ચકખામિ

૪. છીએ **જંભાઈએ આમોસે સસરક્ખામોસે આઉલમાઉલાએ** સોવણ

૫. ખામેમિ **સવ્વે જીવા સવ્વે જીવા વિ ખમંતુ મે, મિત્તી મે સવ્વભૂએસુ વેર** મજ્ઝં

**(૨) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખી કયા પાઠમાં આવે છે? તે લખો. (૫)**

૧. ઘોસહીણં **શુદ્ધ ઉચ્ચાર વિના ભણાયું હોય** **પ્રતિક્રમણના ચોથા પાઠમાં**

૨. પાઢિયારૂ **આપીને પાછી અપાય તેવી વસ્તુ** **બારમા વ્રતમાં**

૩. પવજ્જામિ **અંગીકાર કરું છું** **માંગલિકમાં**

૪. ઠાણં સંપત્તાણં **સ્થાનને પામેલા** **સામચિકના સાતમા પાઠમાં**

૫. આમોસે **વગર પૂંજ્યે શરીર ખંજવાળવાથી** **પહેલા શ્રમણસૂત્રમાં**

**(૩) નીચેના શબ્દોના મૂળ પાઠ (માગધી શબ્દ) લખો. (૫)**

૧. કર્મ સંબંધી **કમ્મઓણં** ૨. શ્વાસોચ્છ્વાસ સુધી **ઉસ્સાસ નિસ્સાસેહિં**

૩. બંને કાળ **ઉભઓકાલં** ૪. બધા દેવ, ગુરુને માનવા તે **અનાભિગ્રહિક મિથ્યાત્વ**

૫. પરઠવા યોગ્ય આહાર લેવા વડે **પારિટ્ઠાવણિયાએ**

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૧૦)**

૧. સંમૂર્ચ્છિમ મનુષ્ય કોને કહેવાય? **જે પંચેન્દ્રિય મનુષ્ય માતા-પિતાના સંયોગ વિના, ૧૦૧ ક્ષેત્રના સંજ્ઞી મનુષ્યના શરીરની ૧૪ પ્રકારની અશુચિમાં પોતાની મેળે ઉત્પન્ન થાય છે.**

૨. જીવને અજીવ શ્રદ્ધે તે મિથ્યા. એટલે શું? એક ઉદા. આપો. **જીવને ન માને. પૃથ્વી આદિમાં જીવ ન માનવા.**

૩. શિકારમાં કેવા પરિણામ આવે છે? કોઈપણ એક લખો. **નરક ગતિનું આયુષ્ય બંધાય. અશાતા વેદ. કર્મનો તીવ્ર બંધ થાય, પરભવમાં અશુભ દીર્ઘ આયુષ્ય બંધાય. એક મોત લેવાના બદલે અનંત મોતે મરવું પડે.**

૪. સંથારાનું મહત્ત્વ શું છે? (૪ થું) **૪) સકામ મરણ તથા પંડિત મરણ છે.**

૫. ઠવણા પાહુડિયાએ એટલે શું? **સાધુના ઉદ્દેશથી/અન્ય ભિક્ષુકને માટે અલગ કાઢીને રાખેલું ભોજન લેવું તે.**

૬. સાધકે પ્રતિલેખન ક્યારે કરવાનું હોય છે? **દિવસના પહેલા અને ચોથા પ્રહરે એમ બે વાર કરવાનું હોય.**

૭. શ્રમણસૂત્ર એટલે શું? **ચતુર્વિધ સંઘરૂપ શ્રમણોના અધ્યયન - સૂત્ર વિશેષ તે.**

૮. અનશન એટલે શું? **યાવત્ જીવન માટે પ્રત્યાખ્યાનપૂર્વક આહાર-પાણીનો ત્યાગ કરવો.**

૯. પાંચ મહાવ્રતની ભાવના અને અતિચાર લખો. બે શબ્દમાં લખો. **૨૫, ૧૨૫**

૧૦. ભેષજ એટલે શું? **હિંગાષ્ટક ચૂર્ણ, ત્રિફળા વગેરે અનેક દ્રવ્યવાળી વસ્તુઓ.**

(૫૦)

**પ્ર.૨ તત્ત્વ/સંસ્કાર વિભાગના આધારે**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૧૦)**

૧. આયુષ્ય કર્મે કયો ગુણ રોક્યો છે? નામ કર્મ કોના જેવું છે? **અક્ષય સ્થિતિ, ચિત્રકાર સમાન**

૨. અર્ધનારાચ સંઘયણમાં શું હોય? **એક પડખે મર્કટબંધ અને બીજા પડખે માત્ર ખીલી.**

૩. પહેલા આરે ઉતરતા જમીનની સરસાઈ કેવી હોય? **ઉતરતા આરે ખાંડ સરખી.**

૪. નાભિ રાજા કુલકરના સમયમાં શું દંડ અપાતો હતો? **ધિક્કાર. તમે આવું કાર્ય કર્યું? તમને ધિક્કાર છે.**

૫. ૫૬ અંતરદ્વીપમાં કેવા ભાવો વર્તે છે? **ઉતરતા ત્રીજા આરા જેવા.**

૬. આંતરા એટલે શું? **બે પાથડા વચ્ચેનો ભાગ. પાથડા કરતા જુદા પ્રકારની પૃથ્વી.**

૭. ભગવતી સૂત્રમાં કયા શ્રાવકોની વાત આવે છે? **તુંગીયા નગરીના શ્રાવકો, શંખ શ્રાવક, મંડૂક શ્રાવક.**

૮. પેજ્જવત્તિયા ક્રિયા સમજાવો. **રાગવશ માયા તથા લોભ કરવાથી લાગે.**

૯. ઉત્કાલિક સૂત્ર એટલે શું? **જેનો સ્વાધ્યાય અસજ્ઝાય ટાળીને આઠે પ્રહર કરી શકાય.**

૧૦. બુદ્ધબોહી સિદ્ધા કોને કહેવાય? **ગુરુનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામીને મોક્ષે જાય તે.**

**(૨) ખાલી જગ્યા પૂરો.** **(૮)**

૧. ...... નિરોધ કરવો તે સંવર. તેના વિશેષ ...... ભેદ છે. **આશ્રવ, ૫૭**

૨. ...... ને પ્રતિદિન અવશ્ય કરવા યોગ્ય છે તે ...... સૂત્ર. **ચતુર્વિધ, આવશ્યક**

૩. ...... ના લક્ષ વિનાની દરેક પ્રવૃત્તિ ...... છે. **આત્મા, પ્રમાદ**

૪. ...... મિથ્યાત્વી જીવોની સામે એક જીવ ...... છે. **અનંત, સમકિતી**

૫. કોઇપણ એક જ વિષય પર મનની ...... ને ...... કહેવાય છે. **એકાગ્રતા, ધ્યાન**

૬. જેના કારણે શરીરમાં ઉષ્ણતા રહે તેને...... કહે છે. તે ...... કર્મની પ્રકૃતિ છે. **તૈજસ, નામ**

૭. વિપરીત ...... વાળા મેઘને ...... કહે છે. **રસ, વિરસમેઘ**

૮. ...... પહેલાં પૂ. ...... ને વહોરાવવાની ભાવના ભાવવી. **જમતા, સંતો**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો.** **(૮)**

૧. બે હાથની અવગાહનાવાળો મોક્ષે જઈ શકે છે. **સાચું.**

૨. ઉત્સૂત્ર પ્રરૂપણા કરવાવાળા લોકાંતિક દેવ બને છે. **ખોટું. ઉત્સૂત્ર પ્રરૂપણા કરવાવાળા કિલ્વિષીક દેવ બને છે.**

૩. આગાર ધર્મ એટલે સાધુધર્મ. **ખોટું. આગાર ધર્મ એટલે શ્રાવક ધર્મ.**

૪. જે કર્મ આત્માના મૂળ ગુણને પ્રગટ ન થવા દે તે અઘાતી કર્મ છે.

**ખોટું. જે કર્મ આત્માના મૂળ ગુણને પ્રગટ ન થવા દે તે ઘાતી કર્મ છે.**

૫. ચાલતા ચાલતા ઉંઘે તેને પ્રચલા પ્રચલા કહેવાય. **સાચું.**

૬. શોક એ ચારિત્ર મોહનીય કર્મની પ્રકૃતિ છે. **સાચું.**

૭. એકત્વ ભાવના ધર્મસિંહ અણગારે ભાવી. **ખોટું. એકત્વ ભાવના નમિ રાજર્ષિએ ભાવી.**

૮. જુગલિયાના કલ્પવૃક્ષ વનસ્પતિકાયના છે. **સાચું.**

**(૪) જોડકા જોડો.** **(૮)**

| (અ) | (બ) | જવાબ |
|---|---|---|
| ૧. પન્નવણા સૂત્ર | ૧. સાધુના પાંચ મહાવ્રત | **૩. કર્મપ્રકૃતિ** |
| ૨. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર | ૨. ગોત્ર કર્મ | **૫. છ આરાના ભાવ** |
| ૩. ઉપાસકદશાંગ સૂત્ર | ૩. કર્મપ્રકૃતિ | **૮. કામદેવ શ્રાવક** |
| ૪. પ્રશ્નવ્યાકરણ સૂત્ર | ૪. બંધ | **૧. સાધુના પાંચ મહાવ્રત** |
| ૫. બળ અમદ | ૫. છ આરાના ભાવ | **૨. ગોત્ર કર્મ** |
| ૬. સ્પર્શ આવરણ | ૬. અજીવ | **૭. જ્ઞાનાવરણીય કર્મ** |

| | | |
|---|---|---|
| ૭. અનુભાગ | ૭. જ્ઞાનાવરણીય કર્મ | **૮. બંધ** |
| ૮. સ્પર્શ | ૮. કામદેવ શ્રાવક | **૬. અજીવ** |

**(૫) નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો. (૮)**

૧. ઘનોદધિ અને ઘનવાત કેટલા યોજનનો છે? **૨૦૦૦૦, અસંખ્ય**

૨. સંવર તત્ત્વમાં રૂપી કે અરૂપી? તેના ભેદ કેટલા? **અરૂપી, ૫૭**

૩. સૌથી મોટું સૂત્ર ક્યું છે? તેમાં કેટલા પ્રશ્નોત્તર છે? **ભગવતી, ૩૬૦૦૦**

૪. અરૂપી અજીવના ટૂંકમાં અને વિસ્તારથી ભેદ કેટલા છે? **૧૦, ૩૦**

૫. ત્રીજા આરે છોરૂંની પ્રતિપાલના કેટલા દિવસ? આહારની ઈચ્છા કેટલા દિવસે? **૭૯, ત્રણ**

૬. કર્મોની વિવિધ અવસ્થામાં પહેલી અને આઠમી અવસ્થા **બંધ, ઉપશમ**

૭. પ્રત્યેક પ્રકૃતિમાં માત્ર તિર્યંચમાં હોય તેવી પ્રકૃતિ? **આતાપ, ઉદ્યોત**

૮. સાધુને કેટલા પ્રકારના દાન આપી શકાય? તેનું વર્ણન ક્યા વ્રતમાં છે? **૧૪, બારમા**

**(૬) વ્યાખ્યા લખો. (૮)**

૧. વ્યાધિ મેઘ : **વિવિધ પ્રકારના રોગોથી વેદના ઉત્પન્ન કરાવતો મેઘ.**

૨. આદેય નામ : **જેના ઉદયથી જીવના વચન આદરણીય, માન્ય હોય.**

૩. દ્રવ્ય નિર્જરા : **કર્મ પુદ્ગલનું આત્મપ્રદેશથી છૂટા પડવું.**

૪. મૂળ સૂત્ર :

**સાધુની દિનચર્યામાં જે મૂળરૂપે સહાયક બને છે તથા જેનું અધ્યયન સાધુ માટે સર્વપ્રથમ જરૂરી છે.**

૫. અંતરદ્વીપ : **ચારે બાજુ સમુદ્ર અને વચ્ચે જમીન હોય/એક દ્વીપના આંતરે બીજો દ્વીપ હોય.**

૬ મન અસંવર : **મનને આર્ત્ત–રૌદ્રધ્યાનમાં પ્રવર્તાવે.**

૭. ટીપ્પણયાએ : **રડાવે, ટપક ટપક આંસું પડાવે.**

૮. તથૈતિ : **કહેશો તેમ કરીશ.**

(૧૦)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(૧) યોગ્ય વિકલ્પ પર ટીક કરો. (૫)**

૧. શક્રેન્દ્રએ કઈ નગરી બનાવી? (**વિનિતા,** દ્વારિકા, રાજગૃહ)

૨. બે કાચબાનું દષ્ટાંત ક્યાંથી લેવામાં આવ્યું છે? (**જ્ઞાતાધર્મકથા,** દુ:ખવિપાક, ઉપાસકદશાંગ)

૩. કામદેવ સાથે ભગવાનના દર્શન કરવા કોણ ગયું? (પરિષદ, **જિતશત્રુ,** વિજય)

૪. દશાર્ણભદ્ર રાજા શું જોઈને અવાચક બની ગયા? (ઈન્દ્રનો પાવર, **ઈન્દ્રની રિદ્ધિ**, ઈન્દ્રનો વૈભવ)

૫. મૃગાપુત્રના પેટમાં આહાર જતાં આહારનું શેમાં પરિવર્તન થયું? (**લોહી**, માંસ, વીર્ય)

**(૨) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૫)**

૧. હું તમારા પુત્રને જોવા આવ્યો છું. **ગૌતમ સ્વામી મૃગાવતી રાણીને કહે છે.**

૨. તે સંયમ છોડી સંસારમાં જવાનો નિર્ણય કર્યો છે. **ભગવાન મહાવીર મેઘ મુનિને કહે છે.**

૩. હું બાર વ્રતધારી શ્રાવકધર્મને ગ્રહણ કરવા ઈચ્છું છું. **કામદેવ શ્રાવક ભગવાન મહાવીરને કહે છે.**

૪. હું જાવજ્જીવ સુધી બધી પાપકારી પ્રવૃત્તિનો ત્યાગ કરું છું.

**ઋષભદેવ ભગવાન સિદ્ધ ભગવાનને નમસ્કાર કરતા બોલે છે.**

૫. મારા જેવાનું ક્યાંથી આવું ઐશ્વર્ય હોય? **દશાર્ણભદ્ર રાજા મનમાં વિચારે છે.**

**(૧૦)**

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. ત્વત્ **સંસ્તવેન ભવ સંતતિ સન્નિબદ્ધં, પાપં ક્ષણાત્ક્ષયમુપૈતિ શરીર ભાજામ્ ।**

**આક્રાન્ત લોકમલિનીલમશેષમાશુ, સૂર્યાંશુ ભિન્નમિવ શાર્વર** મન્ધકારમ્ ॥

૨. ચોવીસે **જિનની, સર્વ સાધ્વી સાર, અડતાલીસ લાખ ને આઠસે સિત્તેર હજાર.**

**ચેડાની પુત્રી, રાખી ધર્મશું પ્રીત, રાજેમતી વિજયા મૃગાવતી** સુવિનીત.

૩. ધન્ય **જિનપાલ મુનિવર, દોય ધન્ના હુઆ સાધ, ગયા પ્રથમ દેવલોકે મોક્ષ જાશે આરાધ,**

**મલ્લિનાથના છ મિત્ર, મહાબળ પ્રમુખ મુનિરાય, સર્વે મુગતે સિધાવ્યા, મોટી પદવી** પાય.

૪. ચારિત્ર **લઈને પહોંચ્યા, શિવપુર ઠામ, ધુર આદિ મકાઈ અલક્ષ મુનિ નામ**

**વળી કૃષ્ણરાયની અગ્રહમહિષી આઠ, પુત્ર વહુ દોયે, સંચ્યા પુણ્યના** ઠાઠ.

૫. પછી **ચારિત્ર લીધું, મિત્ર એક સહસ્ત્ર આઠ ધીર, મરી હુવા શકેન્દ્ર, ચ્યવી લેશે ભવતીર,**

**વળી રાય ઉદાયન, દિયો ભાણેજને રાજ, પછી ચારિત્ર લઈને, સાર્યા** આતમકાજ.

**જય – જિનેન્દ્ર**


- **PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.**
- **NEXT CLASS STARTS FEBRUARY 2ND/3RD MONDAY AND TUESDAY.**
- **TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914.**
- **FOR BOOKS AND EXAM REGISTRATION.**